


# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
કૃષિ ઉદય...

અંક : ૨ ખંડ : ૫ મે ૨૦૧૬

અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## ૧૨મી પંચવર્ષીય યોજનાના પ્રથમ ૪ વર્ષમાં કૃષિક્ષેત્રમાં ૧.૬ ટકા ના દરે વૃદ્ધિ.......


નીચા ઉત્પાદનના કારણે ૧૨મી યોજનામાં કૃષિક્ષેત્રે વિકાસ દરનો લક્ષ્યાંક જે ૪ ટકા રાખવામાં આવ્યો છે. તેની સામે વર્તમાન પંચવર્ષીય યોજના તેના સમયગાળાના (૨૦૧૨-૧૭) પ્રથમ ચાર વર્ષ દરમિયાન કૃષિમાં સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર ૧.૬ ટકા થશે તેવો અંદાજ આવ્યો છે.

વર્ષ ૨૦૧૩-૧૪ સિવાયના વર્ષોમાં કૃષિના વાર્ષિક ઉત્પાદનમાં થયેલ ઘટાડાનાં કારણે સરેરાશ વિકાસ દર કૃષિક્ષેત્રે નીચો જોવા મળે છે. ચોમાસામાં વરસાદનું નીચું પ્રમાણ, ભેજની ઉણપ, પ્રતિકૂળ હવામાન અને તાપમાન જેવા પરિબળોએ ખરીફ અને રવી પાકના ઉત્પાદન પર પ્રતિકૂળ અસરો પહોંચાડી છે. ૨૦૧૪-૧૫ના નાણાંકીય વર્ષમાં કૃષિ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રમાં કુલ મૂડી ઉત્પાદન ગુણોત્તરના (GCF) નાં રૂપમાં રોકાણ રૂ.૨,૫૬,૪૯૫ કરોડ હતું.

કૃષિક્ષેત્રમાં મૂડીરોકાણ વધારવા માટે સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવ્યા છે. ખેડૂતો માટે વિસ્તૃત સંસ્થાકીય ધિરાણ, વધુ સમય ટકી શકે તે માટે કૃષિ પેદાશો ખેતી સ્પર્ધાત્મક અને નફાકારક બની શકે તે માટે કૃષિ-તકનિક આંતરમાળખાકીય ભંડોળ ઉભુ કરવું, વ્યાપારી સજીવ ખેતી વિકાસને પ્રોત્સાહન આપવું.



# ખેડૂતોનાં ફાયદા માટે ૨૦૧૮ સુધીમાં ૫૮૫ ઈ–પોર્ટલ શરૂ કરવાનું આયોજન




ખેડૂતોનાં લાભ માટે સમગ્ર દેશમાં ૫૮૫ નિયંત્રિત જથ્થાબંધ બજારોને માર્ચ ૨૦૧૮ સુધીમાં પાન-ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક ટ્રેડીંગ પોર્ટલ (eNAM) દ્વારા જોડવામાં આવશે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ સ્કીમ પ્રમોશન ઓફ નેશનલ એગ્રીકલચર માર્કેટ (ઈએનએએમ) ને ટેક ફંડનો ઉપયોગ ૧ જુલાઈ ૨૦૧૫ થી મંજુર કરેલ છે. આ સ્કીમ (eNAM) માટે એગ્રીટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી રૂ.૨૦૦ કરોડ ફાળવેલ છે. ઈએનએએમ (eNAM) યોજના અન્વયે ઈલેક્ટ્રોનીક ટ્રેડીંગ પોર્ટલ દ્વારા ભારતના એપીએમસી અને અન્ય માર્કેટ યાર્ડને નેટવર્કથી જોડાણ કરી કૃષિ ચીજવસ્તુઓનું એક રાષ્ટ્રીય બજાર ઉભું કરાશે. વર્તમાન સમયમાં દેશમાં ૭૦૦૦ થી વધુ જથ્થાબંધ માર્કેટ છે. પ્રારંભિક તબક્કામાં, એપ્રિલ-૨૦૧૪માં પાયલોટ ધોરણે શરૂ કરેલ ઈએનએએમ પોર્ટલ દ્વારા આઠ રાજ્યોની એકવીસ કૃષિ મંડીને નેટવર્કથી જોડવામાં આવેલ છે. આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત, તેલંગાના, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, ઝારખંડ અને હિમાચલપ્રદેશ એમ આઠ રાજ્યો પસંદ કરવામાં આવ્યા છે.

શરૂઆતમાં કુલ બાર કૃષિ પેદાશ નામે ચણા, દિવેલા, ડાંગર, ઘઉં, મકાઈ, હળદર, ડુંગળી, રાયડો, મહુડા ફૂલ, આંબલી અને વટાણાનું ઈ-પ્લેટફોર્મ પરથી વ્યાપાર થશે અને તેમાં ભૌતિક વ્યાપાર થશે નહી.

સરકાર ફક્ત એકવાર સ્થાયી ખર્ચ માટે પ્રતિ મંડી/એપીએમસી માટે મહત્તમ રૂ.૩૦ લાખની મર્યાદામાં આ સહાય કરશે. જરૂરી સાધનો અને સોફ્ટવેર વસાવવા તેમજ માળખું તૈયાર કરવા માટે થનાર ખર્ચ માટે આ સહાય આપવામાં આવશે.

કૃષિ ચીજવસ્તુઓનું વેચાણ


મંડીઓ/એપીએમસીથી ઓનલાઈન શરૂ થવાથી લેવડ દેવડ અને મેનેજમેન્ટ ખર્ચ ઘટશે. દરેક બજાર માટે એક જ લાયસન્સ માન્ય હશે અને ગુણવત્તા ચેકિંગના નક્કી કરેલા ધોરણો પ્રમાણે ગુણવત્તા જળવાશે અને એક જ વાર માર્કેટ પ્રવેશ ફી આપવાની રહેશે.

## કૃષિ આવકને ચાર ગણી કરવાનો ગુજરાત સરકારનો લક્ષ્યાંક



મધ્ય ગુજરાતના આણંદથી રાજ્ય કક્ષાનો ૧૨મો કૃષિ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો છે. તેમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કહ્યું કે ગુજરાત સરકારની નવી કૃષિ નીતિ અન્વયે કૃષિ પાકોની ઉત્પાદકતા સુધારી, સંગ્રહ ક્ષમતા વધારી, ઉત્પાદનની ગુણવત્તા સુધારી અને તેના મૂલ્યવર્ધન સાથે જમીનનાં યોગ્ય ઉપયોગ દ્વારા કૃષિની આવક ચાર ગણી કરવાનો છે. સઘન કૃષિ વ્યાપાર નીતિ ૨૦૧૬ હેઠળ રાજ્ય સરકાર ખેડૂતો અને પશુપાલકો માટે આધુનિક ખેતી પદ્ધતિ, ફૂડ પ્રોસેસિંગ અને ખેતરથી ચીજવસ્તુઓના વૈશ્વિક બજાર સાથે સાંકળ ઉભી કરીને વૈશ્વિક વ્યાપારનાં દ્વાર ખોલવાનો છે. આ ઉપરાંત રાજ્યનાં ખેડૂતોને કૃષિ લેબોરેટરીમાં થયેલ નવીન સંશોધનનો તુરંત લાભ મળે તે માટે તેમને કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ કેન્દ્રો સાથે સીધા સાંકળવામાં આવેલ છે. શ્રીમતી આનંદીબેન પટેલે ''સમૃદ્ધ ખેડૂત, સુખી ખેડૂત'' સૂત્ર આપ્યું છે અને દાવો કર્યો છે કે અમારી સરકાર ખેડૂત તરફી છે અને સરકાર સજીવ ખેતીને પ્રોત્સાહન આપે છે, તેમજ સજીવ ખેતી યુનિવર્સિટીની સ્થાપના કરશે. સરકારે રાસાયણિક ખાતર અને દૂધમાં ભેળસેળ અટકાવવા માટે જરૂરી પગલાંઓ લીધા છે. કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (APMC) અને દૂધ વિતરણ કેન્દ્રો માટે રાજ્ય સરકાર રાહતના દરે જમીન પણ ફાળવશે. કૃષિ મહોત્સવ દરમ્યાન સરકાર ખેતી માટે ૧ લાખ જેટલા નવા વિદ્યુત જોડાણો આપશે. ટપક સિંચાઈ માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવેલ છે અને તેમાંથી માત્ર ૧ ટકા વ્યાજના દરે ખેડૂતોને લોન આપવામાં આવશે. પશુઓથી થતાં પાકનું નુકસાન અટકાવવા માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવેલ છે. માનનીય મુખ્યમંત્રીએ એવો દાવો કર્યો છે કે, મગફળી, બાજરી, ઘઉં, કેળ અને રાયડાના ઉત્પાદનમાં ત્રણ ગણો વધારો કૃષિ મહોત્સવ દરમ્યાન કરવામાં આવેલ પ્રયત્નોને કારણે થયો છે.

## સરકારે ફોસ્ફેટિક અને પોટાશિક ખાતર પર સબસિડી નાબૂદ કરી.....



ખાતર અને કાચા માલના વૈશ્વિક ભાવમાં ઘટાડો થવાના કારણે સરકારે ફોસ્ફેટિક અને પોટાશિક (પી એન્ડ કે) ખાતર ઉપરની સબસીડી ઉપર આગામી નાણાંકીય વર્ષ માટે અંદાજે રૂ. ૨૧,૨૭૪ કરોડનો કાપ મૂક્યો છે. નાઇટ્રોજન અને ફોસ્ફરસ પર સબસિડી પ્રતિ કિલો રૂ.૫ જેટલી ઓછી કરવામાં આવી છે જ્યારે પોટાશની સબસીડી ઉપર નજીવો કાપ મૂકવામાં આવ્યો છે. આને લીધે સરકારની તિજોરી પર આશરે રૂ. ૫,૦૦૦ કરોડની બચત થશે. ડીએપી ખાતર પરની સબસિડી ચાલુ નાણાંકીય વર્ષમાં પ્રતિ ટન રૂ. ૧૨,૩૫૦ ઘટાડીને પ્રતિ ટન રૂ. ૮,૯૪૫ જેટલી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં પોટાશ પરની સબસિડી રૂ. ૯૩૦૦ પ્રતિ ટન ઘટાડીને રૂ. ૯૨૮૦ પ્રતિ ટન કરવામાં આવી છે.

આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ (સીસીઇએ), નાઇટ્રોજન(N) માટે પ્રતિ કિગ્રા રૂ.૧૫.૮૫, ફોસ્ફરસ(K) માટે પ્રતિ કિલો રૂ.૧૩.૨૪, પોટાશ માટે પ્રતિ કિગ્રા રૂ.૧૫.૪૭ અને ગંધક માટે પ્રતિ કિલો રૂ.૨.૦૪ ભાવોની મંજૂરી આપી છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે, નાઇટ્રોજન માટે સબસિડી પ્રતિ કિલો રૂ. ૨૦.૮૮, પોટાશ માટે પ્રતિ કિલો રૂ. ૧૮.૯૮, ફોસ્ફરસ પર પ્રતિ કિલો રૂ. ૧૫.૫૦ અને સલ્ફર પર પ્રતિ કિલો રૂ. ૧.૯૮ નક્કી કરવામાં આવી હતી.

સરકારે એપ્રિલ ૨૦૧૦થી પોટાશ અને ફોસ્ફરસ ખાતરના નિયંત્રણ માટે પોષક આધારિત સબસિડી (NBS) નીતિ અમલમાં મૂકી છે. આ નીતિ હેઠળ પોટાશ અને ફોસ્ફરસ ખાતર પર સબસિડી પ્રતિ કિલોના ધોરણે દરેક પોષક તત્વ વાર્ષિક (ધોરણે) પ્રમાણે જાહેર કરવામાં આવશે, કે જે ટન દીઠ ખાતરની દરેક કક્ષામાં પોષક સામગ્રી પર આધાર રાખીને સબસિડીમાં રૂપાંતરિત થાય છે. આ દર પોટાશ અને ફોસ્ફરસના વૈશ્વિક અને સ્થાનિક ભાવ, વિનિમય દર અને દેશમાં કાચા માલને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે. સરકાર NPK ખાતર પર સ્થિર સબસિડીની જાહેરાત કરે છે, જ્યારે ઉત્પાદકો જુદા જુદા ખાતરોની મહત્તમ વેચાણ કિંમત નક્કી કરવા માટે મુક્ત છે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

_______________

_______________

_______________

_______________

_______________

મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

*Acknowledged the information used/taken from the public domain*